Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-24 ■ અંક-13 ■ તા. 22-03-2020 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

ચીનની હરકતથી દુનિયા ખતરામાં: પોમ્પિયો

અમેરિકી વિદેશમંત્રી પોમ્પિયોએ કોરોના વાયરસને વુહાન વાયરસ કહેતા ચીન ભડક્યું

વૉશિંગ્ટન,તા.૨૧

વુહાનથી શરૂ થયેલા કોરોના વાયરસના કહેરથી ઝઝૂમી રહેલા અમેરિકાના વિદેશ મંત્રી માઈક પોમ્પિયોએ ચીનને ખૂબ ખરું-ખોટું સંભળાવ્યું છે. પોમ્પિયોએ કોરોના વાયરસને 'વુહાન વાયરસ' ગણાવ્યો. તેમણે કહ્યું કે ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી, રૂસ અને ઈરાન કોરોના વાયરસની મહામારીને લઈ ખોટી માહિતી ફેલાવી રહ્યા છે. તેમનો હેતુ લોકોમાં ભય અને ભ્રમ પેદા કરવાનો છે.

પોમ્પિયોનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકામાં કોરોનાથી મૃતકોની સંખ્યા ૨૫૨ પર પહોંચી ગઈ છે. ત્યાં દુનિયાભરમાં ૧૧ હજારથી વધુ લોકોના મહામારીથી મોત થયા છે. અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બાદ હવે વિદેશ મંત્રી પોમ્પિયોએ કોરોનાને લઈ ચીન પર પ્રહારો કર્યા છે. તેમણે કહ્યું કે ખોટી માહિતીઓ દુનિયાભરમાં અચાનકથી સામે આવેલા લોકોની સાથો સાથ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટી, રૂસ અને ઈરાની પ્રશાસનથી આવી રહી છે. આપણે આ પ્રયાસોને નિશ્ચિતરૂપે રોકવી પડશે જે આપણા લોકતંત્ર, આપણી સ્વતંત્રતા અને આપણે કેવી રીતે વુહાન વાયરસને ઉકેલી રહ્યા છીએ તેને ધક્કો પહોંચાડાવ માંગે છે.

અમેરિકન વિદેશ મંત્રીએ કહ્યું કે આની પહેલાં અમે ચીનને એ પ્રસ્તાવ આપ્યો હતો કે અમારા નિષ્ણાત તેમની અને ડબ્લયુએચઓની મદદ માટે ચીન જશે પરંતુ અમને તેની મંજૂરી આપી નહીં.

આ પ્રકારની વસ્તુઓ ચીનની કોમ્યુનિસ્ટ પાર્ટીએ કરી તેનાથી દુનિયા અને વિશ્વભરના લોકો ખતરામાં આવી ગયા છે. આની પહેલાં અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આરોપ મૂક્યો હતો કે ચીને કોરોના વાયરસને લઈ પ્રારંભિક માહિતી છુપાવી તેની સજા આજે દુનિયા ભોગવી રહ્યું છે.

૨૪ માર્ચે આઈપીએલને લઈને મોટો નિર્ણય, વીડિયો કોન્ફરન્સથી થશે મહત્વની બેઠક

મુંબઈ,તા.૨૧

કોરોના વાયરસના કારણે બીસીસીઆઈએ આઈપીએલ ને ૧૫ એપ્રિલ સુધી સ્થગિત કરી દીધી છે. જોકે આ પછી હજુ સુધી નવી તારીખો અને ફોર્મેટની પર કોઈ નિર્ણય કર્યો નથી. ૧૪ માર્ચે બીસીસીઆઈની બેઠક મળી હતી. જેમાં ઘણા વિકલ્પો પર વાત કરવામાં આવી હતી. જોકે કોઈ નિર્ણય લીધો નથી. હવે આશા કરવામાં આવી રહી છે કે મંગળવારે એટલે કે ૨૪ માર્ચે થનારી બેઠકમાં આના પર નિર્ણય કરવામાં આવશે, આ બેઠક વીડિયો કોન્ફરન્સ દ્વારા થશે.

બીસીસીઆઈના સૂત્રએ બતાવ્યું છે કે બીસીસીઆઈ અને આઈપીએલ ફ્રેન્ચાઈઝી મંગળવારે આગળની રણનીતિ પર રામ કરશે. બીસીસીઆઈનું કાર્યાલય બંધ થઈ ગયું છે અને બધાની સુરક્ષા જોતા બેઠક હોટલમાં કરાવી શકાય નહીં. જેથી બેઠકને વીડિયો કોન્ફરન્સ દ્વારા કરવાનો નિર્ણય કર્યો છે.

ફ્રેન્ચાઇઝી માલિકો અને બીસીસીઆઈના ટોચના અધિકારીઓ વચ્ચે થયેલી પાછલી બેઠકમાં આઈપીએલની સિઝન ટૂંકી કરવા સહિત છ થી સાત વિકલ્પો પર વાત કરવામાં આવી હતી. બેઠક પછી બીસીસીઆઈ અધ્યક્ષ સૌરવ ગાંગુલીએ કહ્યું હતું કે અમે ફ્રેન્ચાઇઝી માલિકો સાથે મૂલાકાત કરી છે અને તેમને બતાવ્યું છે કે કેવી રીતે થઈ શકે અને હાલના સમયે શું સ્થિતિ છે. અમે પરિસ્થિતિની સમીક્ષા કરીશું.

ભારતમાં અત્યાર સુધી કોરોના વાયરસના કારણે ૨૫૦થી વધારે લોકો પ્રભાવિત થયા છે. કોરોનાના કારણે સ્પોર્ટ્સની બધી ટૂર્નામેન્ટ રદ થઈ છે અથવા સ્થગિત કરવામાં આવી છે.

આવતીકાલના જનતા કરફ્યુની આજથી અસર જોવા મળી

સુરતમાં મોટાભાગના રસ્તા પર સન્નાટો વ્યાપાયો: શાકભાજી લેવા ભારે ભીડ ઉમટી

ટ્રાફિકથી ધમધમતાં, અડાજણ રોડ, રીંગરોડ, પાર્લે પોઈન્ટ જેવા વિસ્તારમાં વહેલી સવારે વાહનોની અવર જવર મોટી સંખ્યામાં જોવા મળે છે

સુરત,તા.૨૧

કોરોનાથી બચવા માટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જનતા કરફ્યુની અપીલ કરી છે. તેનો પ્રતિસાદ આજે સવારે સુરતમાં જોવા મળ્યો છે. આજે વહેલી સવારે સુરતના મોટા ભાગના રસ્તાઓ સુમસામ દેખાયા હતા.

રોજ ટ્રાફિકથી ધમધમતો રીંગરોડ વિસ્તાર આજે વહેલી સવારે ખાલીખમ જોવા મળ્યો હતો. કલેક્ટરે ખાણી પીણીની દુકાનોમાં માત્ર પાર્સલની જ છુટ આપી હતી છતાં કેટલીક ફરસાણની દુકાનો પર લોકો નાસ્તો કરતા જોવા મળ્યા હતા. આવી દુકાનો સામે હવે મ્યુનિ. તંત્ર આકરા પગલાં ભરશે તેવી ચીમકી આપી છે.

સુરતમાં પાર્લે પોઈન્ટની એક યુવતીને કોરોના પોઝીટિવ આવ્યા બાદ ગઈ કાલે વધુ ત્રણ શંકાસ્પદ દર્દી મળતાં તત્રએ કોરોનાથી બચવા માટે અનેક ઉપાય શરૂ કરી દીધા છે. દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે જનતા કરફ્યુની અપીલ લોકોને કરી છે. સોશ્યલ મિડિયા પર આ અપીલને ભારે પ્રતિસાદ મળી રહ્યો છે. તો બીજી તરફ સુરતના રસ્તાઓ પર વડા પ્રધાનની અપીલની અસર જોવા મળી રહી છે.

ટ્રાફિકથી ધમધમતાં, અડાજણ રોડ, રીંગરોડ, પાર્લે પોઈન્ટ જેવા વિસ્તારમાં વહેલી સવારે વાહનોની અવર જવર મોટી સંખ્યામાં જોવા મળે છે. તે રોડ પર ભાગ્યે જ વાહનો જોવા મળીરહ્યાં છે. રસ્તા પર ઓછી ભીડ જોવા મળી રહી હતી પરંતુ વહેલી સવારે શાકભાજી અને દુધનું વેચાણ થાય છે. તે જગ્યાએ લોકોની ભીડ જોવા મળી હતી.

વિશ્વમાં કુલ ૨.૭૫ લાખથી વધુ લોકો વાયરસથી સંક્રમિત

દુનિયાભરમાં કોરોનાનો કાળો કેર: ૧૧ હજારથી વધુ લોકોના મોત

અમેરિકામાં વધુ ૧૯ના મોત સાથે કુલ મૃત્યુઆંક ૨૭૫ થયો,પાકિસ્તાનમાં ૫૦૦ લોકો વાયરસની ચપેટમાં,ફ્રાન્સમાં ૨૪ કલાકમાં કોરોનાના ૧૬૦૦ કેસ નોંધાયા

વૉશિંગ્ટન/બીજિંગ,તા.૨૧

વિશ્વભરમાં કોરોના વાઈરસના સંક્રમણે ભયાનક સ્વરૂપ ધારણ કર્યું છે. સંક્રમણ અત્યાર સુધીમાં કુલ ૧૮૫ દેશમાં ફેલાઈ ચુક્યું છે. શનિવાર સવાર સુધીમાં કુલ કેસનો આંક ૨૭૬,૫૫૦ થયો છે અને ૧૧,૪૧૭ લોકોના મોત થયા છે. સારી વાત એ છે કે ૯૧,૯૫૪ લોકો સાજા થયા છે. અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સનો એક સ્ટાફર પણ સંક્રમિત થયો છે. યુરોપનું વુહાન બની ચુકેલા ઈટાલીમાં અત્યાર સુધીમાં કુલ ૪૦૩૨ લોકોએ જીવ ગુમાવ્યા છે. ઈરાનમાં કોરોનાનો પ્રકોપ જારી છે. ઈરાનમાં મૃત્યુઆંક વધીને ૧,૪૩૩ થઈ ગયો છે ત્યારે ૧૯,૬૪૪ લોકો વાઈરસથી સંક્રમિત થયા છે. ઈટાલી અને ઈરાન સાથે સ્પેનમાં પણ કોરોના વાઈરસની ગંભીર અસર જોવા મળી છે. સ્પેનમાં કોરોનાને લીધે અત્યાર સુધીમાં ૧૦૯૩ લોકોના મોત થયા છે. જ્યારે ૨૧,૫૭૧ લોકો સંક્રમિત થયા છે. દક્ષિણ કોરિયામાં પણ મૃત્યુઆંક વધીને ૧૦૨ થયો છે અને સંક્રમિતોની સંખ્યા ૮,૭૯૯ થઈ છે. અમેરિકામાં કોરોના મોટી આફત બન્યો છે. અમેરિકામાં વધુ ૧૯ લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૨૭૫ થયો છે અને સંક્રમિતોની સંખ્યા ૧૯૭૭૪ થઈ છે.

પાકિસ્તાનમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા ૫૦૦નો આંક વટાવી ગઈ છે ત્યારે પ્રધાનમંત્રી ઈમરાન ખાને રાષ્ટ્રવ્યાપી લોકડાઉન કરવાનો ઈકાર કર્યો છે. પાકિસ્તાનમાં અત્યાર સુધીમાં કુલ ૩ લોકોના મોત થયા છે અને ૫૦૧ જેટલા કેસ નોંધાયા છે. સિંધ પ્રાંતમાં સૌથી વધારે ૨૫૨ કેસ સામે આવ્યા છે.

ફ્રાન્સમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૬૦૦ કેસ નોંધાયા છે. કુલ કેસની સંખ્યા અહીં ૧૨૬૧૨ પહોંચી ગઈ છે. મૃત્યુઆંક ૪૫૦ પહોંચી ગયો છે.

ઈટાલી ૪૦૩૨, ચીન ૩૨૪૮, ઈરાન ૧૨૮૪, સ્પેન ૧૦૪૩, ફ્રાન્સ ૩૭૨, અમેરિકા ૨૭૭, બ્રિટેન ૧૪૪, નેધરલેન્ડ ૭૬, જર્મની ૪૪, સ્વિત્ઝર્લેન્ડ ૪૩, ભારતમાં ૫ લોકોના મોત થયા છે.

જણાવી દઈએ કે, વિશ્વ સ્વાસ્થ્ય સંગઠને કોરોનાવાયરસને મહામારી જાહેર કરી છે. આ બિમારીના કારણે વિશ્વની અર્થવ્યવસ્થા પર પણ ભારે અસર થઈ છે.

ઈટાલીમાં મૃત્યુઓક ૪૦૦૦ને પાર

ઈટાલીમાં કોરોનાનો કાળો કેર: ૨૪ કલાકમાં ૬૦૦થી વધુ લોકોના મોત

રોમ,તા.૨૧

સમગ્ર વિશ્વને ભરડામાં લેનારા કોરોના વાયરસના કારણે વાયરસના જનક ચીન કરતાં પણ યૂરોપના દેશ ઈટાલીની સ્થિતિ દયનીય છે. ઈટાલીમાં પાછલા ૨૪ કલાકમાં કોરોના વાયરસના કારણે ૬૨૭ લોકોનાં મોત થયા છે જ્યારે દેશનો કુલ મૃતાંક ૪૦૩૨ થતાં હાહાકાર મચી ગયો છે. સ્થિતિ એટલી ગંભીર છે કે ઈટાલીમં દફનવિધિ કરવા માટે કબ્રસ્તાનો ખૂટી પડ્યા છે. સામાન્ય પ્રજા ઘરમાં તાળાબંધીમાં છે ત્યારે સેનાએ દફનવિધિ કરવા માટે મેદાને ઉતરવું પડ્યું છે.કોરોના વાયરસથી પીડાતા જગતમાં ઈટાલીમાં માનવ ખુંવારી થઈ છે. ઈટાલીમાં છેલ્લા ૨૪ કલાકમાં ૬૨૭ મોત થતા કુલ મૃત્યુઆંક ૪,૦૦૦ પાર થઈ ૪,૦૩૨ થયો છે. ઈરાનમાં વધુ ૧૪૯ લોકોના મોત થયા છે. સ્પેનમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં

વધુ ૨૧૨ લોકોના મોત થતા કુલ મૃત્યુઆંક ૧,૦૦૦ પાર ૧,૦૪૩ થઈ ગયો છે. પાકિસ્તાનમાં સંક્રમિતોની સંખ્યા ૫૦૦થી ઉપર થઈ ગઈ છે.

સમગ્ર વિશ્વમાં કોરોનાના કારણે ચેરગ્રસ્ત થયેલા વ્યક્તિની સંખ્યા ૨,૫૮,૦૦૦ થઈ છે જ્યારે ૧૧,૦૦૦ લોકોએ આ મહામારીમાં જીવ ગુમાવ્યો છે. અગાઉ ઈટાલીમાં એક દિવસમાં ૪૬૫ અને તેના પહેલાં ૪૨૭ લોકોના એક જ દિવસમાં મોત થયા હતા.ય ૮.૬ ટકાના મૃત્યુદર સાથે ઈટાલીમાં કોરોનાએ મૃત્યઘંટ વગાડ્યો છે.

શુક્રવારે યૂરોપના ફ્રાન્સમાં પણ ચિંતાજનક સ્થિતિ સર્જાઈ છે. ફ્રાન્સમાં શુક્રવારે ૨૪ કલાકમાં ૭૮ લોકોનાં મોત થયા છે. ફ્રાન્સમાં કોરોનાએ અત્યારસુધીમાં ૪૫૦ લોકોના જીવ લીધા છે ત્યારે હવે સમગ્ર વિશ્વની નજર ભારતના ત્રીજા સ્ટેજ પર છે. દરમિયાન વડાપ્રધાન મોદીએ ગઈકાલે મુખ્યમંત્રીઓ સાથેની વીડિયો કોન્ફરન્સ સંબોધતા આગામી ૩-૪ અઠવાડિયા 'અતિ મહત્ત્વપૂર્ણ' હોવાનો ઉલ્લેખ કર્યો હતો.

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ માઇક પેંસ કોરોના વાયરસની ચપેટમાં

વૉશિંગ્ટન,તા.૨૧

અમેરિકાનાં ઉપરાષ્ટ્રપતિ માઇક પેંસનાં એક સ્ટાફને કોરોના વાયરસનું સંક્રમણ થયું છે. ઉપરાષ્ટ્રપતિની ઓફિસમાં પોઇન્ટમેન તરીકે તહેનાત આ વ્યક્તિ વોશિંગટનમાં કોરોના વાયરસનાં કેસની તપાસ કરી રહ્યાં હતાં. એક પ્રવક્તાનાં જણાવ્યાં પ્રમાણે, તેમના ટેસ્ટમાં કોરોના વાયરસથી સંક્રમિતનો રિપોર્ટ આવ્યો છે.

જોકે, ઉપરાષ્ટ્રપતિનાં સેકેટરી કેટી મિલરે જણાવ્યું કે, સંક્રમિત કર્મી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કે ઉપરાષ્ટ્રપતિ માઇક પેન્સનાં સંપર્કમાં આવ્યાં ન હતાં. તેમના સંપર્કમાં જે કોઇપણ આવ્યાં છે, તેમની તપાસ કરવામાં આવી રહી છે.

અમેરિકી લિડરશીપનાં ઇનર સર્કલમાં કોરોના વાયરસનાં સંક્રમણનો આ સૌથી પહેલો કેસ છે. આ દરમિયાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કોરોના વાયરસ સામે લડવા માટે અમેરિકાની તૈયારીઓ અંગે પ્રેસ કોન્ફરન્સ પણ કરી હતી.મહત્વનું છે કે, અમેરિકાનાં સૌથી મોટા રાજ્ય કેલિફોર્નિયમાં લોકોને કારણ વગર ઘરની બહાર

ન્યૂઝીલેન્ડે વાયરસની જાણકારી આપવા એલર્ટ સિસ્ટમ લાગુ કરી

વેલિંગ્ટન,તા.૨૧

ન્યુઝીલેન્ડ સરકારે કોરોના વાઈરસની જાણકારી આપવા માટે એક એલર્ટ સિસ્ટમ લાગુ કરી છે. પ્રધાનમંત્રી જેસિંડા આર્ડર્ને શનિવારે એક સત્તાવાર સંદેશમાં આ અંગેની જાહેરાત કરી છે.

આ એલર્ટ સિસ્ટમ એક આતંકવાદી હુમલાની માફક કામ કરશે. તેમા એલર્ટના ૪ લેવલ નક્કી કરવામાં આવ્યા છે. એલર્ટ વન સૌથી ઓછુ અને એલર્ટ ૪ સૌથી વધારે રહેશે.

અત્યારે ન્યુઝીલેન્ડ એલર્ટ વન પર છે. જોકે અહી પણ નવા કેસ ઝડપથી સામે આવ્યા છે.

કોરોના વાયરસના કારણે બેન્ક કર્મીઓએ ૨૭ માર્ચની હડતાળ મોકૂફ

મુંબઈ,તા.૨૧

કોરોના વાઈરસના ફેલાવાને કારણે તેમજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરેલી અપીલને પગલે બેંક કર્મચારીઓએ આવતી ૨૭ માર્ચે નિર્ધારિત એમની દેશવ્યાપી હડતાળને પડતી મૂકી દીધી છે.

દેશના બેંકિંગ સેક્ટરમાં બે મોટા કર્મચારી યુનિયનો છે – ઓલ ઈન્ડિયા બેંક એમ્પલોઈઝ એસોસિએશન અને ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ એસોસિએશન.

આ બંને યુનિયને ૨૭ માર્ચની હડતાળને પડતી મૂકી દીધી હોવાની આજે જાહેરાત કરી છે. મેગા બેંક મર્જર્સ વિશે કેન્દ્ર સરકારના નિર્ણય તેમજ આઈડીબીઆઈ બેંકનું ખાનગીકરણ કરવાની હિલચાલ સામેના વિરોધમાં બંને બેંક કર્મચારી સંગઠનોએ દેશવ્યાપી હડતાળનું એલાન કર્યું હતું.

બીએસએફ જવાનો અને અધિકારીઓની અવરજવર પર પ્રતિબંધ મૂકાયો

ન્યુ દિલ્હી,તા.૨૧

બોર્ડર સિક્યોરિટી ફોર્સે જવાનો અને અધિકારીઓની અવરજવર પર એક પખવાડિયા માટે પ્રતિબંધ લગાવ્યો છે. બોર્ડર સિક્યોરિટી ફોર્સના લગભગ અઢી લાખ જવાનો પાકિસ્તાન અને બાંગ્લાદેશની સરહદ પર ફરજ બજાવે છે. બીએસએફના ઓર્ડરમાં કહેવામાં આવ્યું છે કે લીવ, ટ્રેઈનિંગ, અભ્યાસ, હંગામી ફરજ વિગેરેના સંબંધમાં જવાનોની અને અધિકારીઓની પાંચ એપ્રિલ સુધી અવરજવર થવી નહીં જોઈએ તેવું સ્પષ્ટ કરવામાં આવ્યું છે. દિલ્હીસ્થિત બીએસએફના મુખ્યાલયે બહાર પાડેલા આદેશમાં કહેવામાં આવ્યું છે કે આ નિર્દેશોનું પાલન થવું જોઈએ.જે જવાનો અને અધિકારીઓ રજા પર હોય તેમની રજા પાંચ એપ્રિલ સુધી લંબાવી દેવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. આવા લોકોના પોતાના ફોન નંબર પર રજા લંબાવવામાં આવી તે અંગેની જાણ કરવાના નિર્દેશ કમાન્ડરોને આપવામાં આવ્યા છે. જે કર્મચારીઓ ટ્રેઈનિંગ લેવા ગયા હોય તેમને પણ સંબંધિત કેન્દ્રો પર જ રહેવું પડશે.

ઉત્તરપ્રદેશ સરકાર ૩૫ લાખ મજૂરોના ખાતામાં ૧૦૦૦ રૂપિયા જમા કરાવશે

લખનઉ,તા.૨૧

ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શનિવારે સવારે કોરોના વાયરસને ધ્યાનમાં રાખીને એક પત્રકાર પરિષદ બોલાવી હતી. આ દરમિયાન તેમણે માહિતી આપી હતી કે રાજ્યમાં કુલ ૨૩ કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓ મળી આવ્યા છે. તેમણે કહ્યું કે કુલ નોંધાયેલા કેસોમાંથી ૯ લોકો સ્વસ્થ થયા છે. સીએમ યોગીએ કહ્યું કે રાજયમાં પૂરતા પ્રમાણમાં આઈસોલેશન વોર્ડ છે. તેમણે લોકોને અપીલ કરી અને કહ્યું કે ગભરાવાની જરૂર નથી, સરકાર લોકોને દરેક રીતે મદદ કરી રહી છે.કોરોના વાયરસ અંગે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું, રોજિંદા મજૂરોને મજૂર સેસથી સહાય આપવામાં આવશે અને આ મજૂરોનાં ખાતામાં રૂ. ૧,૦૦૦ ટ્રાન્સફર કરવામાં આવશે. સીએમ યોગીએ કહ્યું કે, ૧૫ લાખ દૈનિક વેતન મજૂરો અને ૨૦.૩૭ લાખ બાંધકામ કામદારોને દૈનિક

જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને ૧૦૦૦ રૂપિયા ટ્રાન્સફર કરવામાં આવશે. સીએમ યોગીએ કહ્યું કે, આપણે બધાએ વડા પ્રધાને બોલાવેલા 'જનતા કર્ફ્યુ'નું પાલન કરવું જોઈએ. આવતીકાલે રવિવારે રાજ્યની તમામ મેટ્રો રેલ, રાજ્ય અને સિટી બસ સેવાઓ બંધ રહેશે. સીએમ યોગીએ કહ્યું કે, ૬૦ વર્ષથી ઉપરનાં વરિષ્ઠ નાગરિકો અને ૧૦ વર્ષથી નીચેના બાળકો ઘરની અંદર રહેવા જોઈએ. સીએમ યોગીએ ખાતરી આપી કે અમારી પાસે આવશ્યક ચીજવસ્તુઓ અને દવાઓનો પૂરતો સ્ટોક છે. દુકાનોમાં બિનજરૂરી માલ ખરીદવા અને સંગ્રહખોરી ટાળવાથી બચવા પણ કહેવામાં આવ્યું છે.

જ્યાં સુધી મારા કર્મચારીને પગાર નહીં મળે હું પણ નહીં લઉં: રાજીવ બજાજ

તાતા ગ્રુપ તમામ બિનકાયમી કર્મચારીઓને માર્ચ-એપ્રિલનો પૂરો પગાર આપશે

મુંબઈ,તા.૨૧

કોરોના વાયરસના વધતા મામલાના કારણે લોકોના નોકરી-ધંધા પર માઠી અસર પડી છે. ચારેય તરફ લોકો પોતાના ધંધા રોજગારને લઈને માથું પકડીને બેઠા છે. આ દરમિયાન તાતા ગ્રુપે જાહેરાત કરી છે કે તે દેશભરમાં આવેલી પોતાની દરેક કંપનીઓની પોતાની ઓફિસ અને મેન્યુફેક્ચરિંગ સાઈટ્સ પર કામ કરનારા બિનકાયમી કર્મચારીઓ તથા છૂટક મજૂરી કરનાર મજૂરોને પણ પૂરો પગાર ચૂકવશે.તાતાની કેટલીક કંપનીઓ જેમ કે તાતા પ્રોજેક્ટ્સમાં મોટી સંખ્યામાં બનીકાયમી કર્મચારીઓ કન્સ્ટ્રક્શનના કામકાજ સાથે સંકળાયેલા છે. કોરોના વાયરસના વધતા જતા પ્રકોપન કારણે લોકોના ધંધાઓ પડી ભાંગ્યા છે. તેવામાં તાતા ગૃપ તરફથી કરવામાં આવેલી આ જાહેરાત અનેક કર્મચારીઓ માટે આનંદના સમાચાર લઈને આવી છે.બજાજ ગૃપના રાજીવ બજાજે કહ્યું કે અમારા કોઈ પણ કર્મચારીઓને નોકરીમાંથી કાઢવામાં નહીં આવે અને જો આવા કોઈ સંજોગો બનશે તો પણ જ્યાં સુધી તમામ કર્મચારીઓનો પગાર ન થઈ જાય ત્યાં સુધી તેઓ પોતાનો પગાર નહીં સ્વીકારે. બજાજ ઓટોના એમડી રાજીવ બજાજ દેશના સૌથી વધારે પગાર લેતા અધિકારીઓમાંથી એક છે અને નાણાકીય વર્ષ ૨૦૧૯માં તેમને ૩૨ કરોડ રૂપિયા વાર્ષિક પગાર લેખે મળ્યા હતા.ઓનલાઈન પેમેન્ટ એપ્લિકેશન કંપની પેટીએમના ફાઉન્ડર વિજય શેખર શર્મા પોતાની ઓફિસના કર્મચારીઓની મદદ કરવા માટે પોતાનો બે મહિનાનો પગાર નહીં લે.

તંત્રી લેખ

હાથનાં કર્યા હૈયે વાગ્યા

મધ્ય પ્રદેશમાં અંતે કોંગ્રેસની કમલનાથ સરકારનું પતન થઈ ગયું. આમ તો જ્યોતિરાદિત્ય સિંધિયાએ જે દાડે કોંગ્રેસને રામ રામ કરવાનું નક્કી કર્યું એ દાડે જ કમલનાથ સરકારનું રામ બોલો ભાઈ રામ થઈ જશે એ નક્કી થઈ જ ગયેલું, પણ કમલનાથ ને કોંગ્રેસે પોતાની સરકાર ટકાવવા ફાંફાં માર્યા કરતાં હતાં. ડૂબતો માણસ તરણું ઝાલે એમ કમલનાથ ને કોંગ્રેસ બંનેએ શક્ય એ બધાં તરણાં પકડીને બચવાની મથામણ એ વખતથી જ શરૂ કરી દીધેલી. બળવાખોર ધારાસભ્યોને મનાવીને પાછા લાવવાથી માંડીને સુપ્રીમ કોર્ટમાં ધા નાખવા સુધીનાં બધાં વાના કોંગ્રેસે કરી જોયેલાં. કમલનાથે જેમના ચડાવ્યા જ્યોતિરાદિત્ય સિંધિયાને પરેશાન કરવામાં કોઈ કસર ના છોડી એ દિગ્વિજયસિંહે તો બેંગલુરુ જઈને જાત જાતનાં નાટક પણ કર્યાં.કોંગ્રેસ ને કમલનાથ કદાચ હજુ નાટક કર્યા કરતા હોત. કર્ણાટકમાં ભાજપે આવો જ દાવ ખેલ્યો ત્યારે જે રીતની ડ્રામાબાજી કરી એવી ડ્રામાબાજીનો તખ્તો કોંગ્રેસે તૈયાર કરેલો જ, પણ ગુરુવારે સુપ્રીમ કોર્ટે કરેલા ફરમાનના કારણે કોંગ્રેસ ને કમલનાથ બંનેની હવા નિકળી ગઈ. સુપ્રીમ કોર્ટે કમલનાથને શુક્રવાર સાંજે પાંચ વાગ્યા લગીમાં બહુમતી સાબિત કરવાનું ફરમાન કરીને આખા નાટક પર પડદો પાડી દીધો. કોંગ્રેસ પાસે બહુમતી તો હતી જ નહીં, પણ એ લોકો લોકશાહીને નામે નાટકો કર્યા કરતા હતા. સુપ્રીમના આદેશના પગલે નક્કી થઈ ગયું કે, આ નાટકો પણ હવે નથી ચાલવાનાં. કમલનાથને થઈ ગયું કે હવે મેળ નહીં પડે એટલે તેમણે વિશ્વાસના મત પહેલાં હથિયાર હેઠાં મૂકી દીધાં ને રાજીનામું ધરી દીધું.અલબત્ત રાજીનામું આપતા પહેલાં કમલનાથે છેલ્લું નાટક તો કરી જ લીધું. કમલનાથે સત્તાલપટાના કારણે મધ્ય પ્રદેશની જનતા સાથે અન્યાય થઈ રહ્યો છે એવું ચિત્ર ઊભું કરવાની ભરપૂર કોશિશ કરી ને સાથે સાથે સિંધિયાને પણ ગાળો આપી દીધી. ભાજપે સિંધિયા અને ૨૨ ધારાસભ્યો સાથે મળીને કાવતરું રચીને પોતાની સરકાર ઉથલાવી હોવાનો આક્ષેપ કરીને કમલનાથે શાપ પણ આપી દીધો કે, મધ્ય પ્રદેશની જનતા ભાજપને માફ નહીં કરે ને અંતે સત્યનો વિજય થશે. કમલનાથે એવો દાવો પણ કર્યો કે, ભાજપે પંદર વર્ષ રાજ કર્યું ને મેં ૧૫ મહિના જ રાજ કર્યું પણ એવું રાજ કર્યું કે ભાજપના લાગવા માંડેલું કે આ રીતે જ ચાલશે તો મધ્ય પ્રદેશમાં ફરી કદી સત્તામા નહીં આવીશું એટલે તેમણે સિંધિયા સાથે મળીને કાવતરું કરીને સરકારને ઉથલાવી દીધી.સત્તા ગુમાવનારો દરેક મુખ્યમંત્રી આવી બધી વાતો કરતો જ હોય છે, કમલનાથ પણ એવી વાતો કરે છે ને તેને મન પર ન લેવાની હોય, કેમ કે કમલનાથ ભાજપના કારણે નહીં પણ પોતાના પાપે ઘરભેગા થયા છે.કમલનાથ ને તેમની ચૌદશિયાઓએ જ્યોતિરાદિત્યને આટલા પરેશાન ને અપમાનિત ના કર્યા હોત તો હજુ એ મધ્ય પ્રદેશની ગાદી પર બેઠા હોત. મધ્ય પ્રદેશની ગાદી પોતાને ખેરાતમાં મળી છે એ વાત એ ના સમજ્યા ને દિગ્વિજયસિંહ જેવા નમૂનાઓને રવાડે ચડીને તેમણે સિંધિયાને કોંગ્રેસ છોડવા મજબૂર કર્યા. અત્યારે એ સિંધિયાને ગાળો આપે છે. સિંધિયાને કાવતરાખોર ગણાવે છે પણ વાસ્તવમાં કાવતરાખોર એ પોતે છે. સિંધિયાને પતાવી દેવા તેમણે જે કાવતરાં કર્યાં ને કારસા કર્યા તેની કિંમત તેમણે ચૂકવી છે.

કોરોના વાયરસના વધુ છ પોઝિટિવ કેસ નોંધાતા લોકોમાં ફફડાટ

રાજ્યમાં કોરોનાના ૧૩ કેસ: આજે જનતા કર્ફ્યૂ

પ્લીઝ,આજે જનતા કર્ફ્યૂનું પાલન કરજો...!,રાજ્યમાં કુલ ૧૩ કેસ પોઝિટિવ, હજુ પણ કેસો વધી શકે, ૧૩માંથી ૧૨ કેસ વિદેશથી આવેલા લોકોમાં જોવા મળ્યા, ચાર શહેરોમાં આઇસોલેટ હોસ્પિટલ ઉભી કરાશે: રૂપાણી

- અમદાવાદમાં ૬, વડોદરા ૩, સુરત-૩,રાજકોટ-ગાંધીનગર ૧-૧ કેસ
- આપણે અત્યારે ફેઝ ૨ અને ત્રણની વચ્ચે,સાવચેતી જરૂરી: મુખ્યમંત્રી
- શ્રીલંકાથી પરત ફરેલી વડોદરાની વધુ એક વ્યક્તિ કોરોના વાયરસની લપેટમાં,દર્દીના સંપર્કમાં રહેલા સાત વ્યક્તિઓને પણ ઓબ્ઝર્વેશન હેઠળ રખાયા
- સોશિયલ મીડિયામાં કોરોના અંગે કે કોઈ અન્ય વાંધાજનક મેસેજ કે લખાણ ફેલાવનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે:ગૃહમંત્રી
- જનતા કર્ફ્યુ પહેલાં જ અમદાવાદ સહિત અન્ય શહેરોમાં રસ્તાઓ સૂમસામ, લોકોએ ખરીદી માટે પડાપડી કરતાં આવશ્યક ચીજવસ્તુઓના ભાવોમાં વધારો

ગાંધીનગર,તા.૨૧

વૈશ્વિક મહામારી કોરોના વાઇરસથી દુનિયાના અનેક દેશોમાં હાહાકાર મચ્યો છે અને ભારતમાં પણ આ રોગથી લોકોને બચાવવા કેન્દ્ર સરકારે આવતીકાલ ૨૨ માર્ચના રોજ એક દિવસનો જનતા કર્ફ્યુ જાહેર કર્યો છે ત્યારે બીજી તરફ ગુજરાતમાં પણ એકાએક આ રોગના કેસો ઝડપથી વધી રહ્યાં હોય તેમ કુલ ૧૩ પોઝીટીવ કેસો મળી આવતાં રૂપાણી સરકારે યુધ્ધના ધોરણે કામગીરી હાથ ધરીને અમદાવાદ સહિત ચાર મુખ્ય શહેરોમાં કોરોના માટે અલગ આઇસોલેટ હોસ્પિટલ બનાવવાની જાહેરાત કરીને રાજયના સૌ નાગરિકોને કાલે જનતા કર્ફ્યુનું પાલન કરીને સવારે ૭થી રાતના ૯ વાગ્યા સુધી ઘરે જ રહેવાની અપીલ કરી છે. જો કે જનતા કર્ફ્યુના એક દિવસ પહેલા જ આજે શનિવારે લોકો પર અસર થઇ રહી હોય તેમ સામાન્ય જનજીવનને બજદદલે રસ્તાઓ સૂમસામ જણાતા હતા. ગૃહિણીઓએ પણ શાકભાજી સહિતની આવશ્યક ચીજવસ્તુઓનો પુરવઠો વધુ માત્રામાં જમા કરવાનો પ્રયાસ કર્યો હતો. તો દુકાનદારોએ લોકોની ગરજનો ગેરલાભ ઉઠાવીને ઉંચા ભાવે સામાન વેચ્યો હોવાની અનેક ફરિયાદો પણ ઉઠવા પામી હતી.

ભારતને કોરોનાથી બચાવવા ખાસ કરીને ચીન અને ઇટાલીમાં જે ભાયનક પરિસ્થિતિ જોવા મળી તેમાંથી ભારતને બાકાત રાખવાના પ્રયાસ રૂપે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૨મી માર્ચે જનતા કર્ફ્યુનો અમલ કરવા કરેલી અપીલના પગલે કાલે ૨૨મીએ દેશ આખામાં કાશ્મિરથી કન્યાકુમારી અને કચ્છથી કોલકાતા સુધી સ્વૈચ્છિક બંધ પળાશે. વિમાન-ટ્રેન-બસો-ટ્રકો-મોલ-દુકાનો-હોટેલથી લઇને પાનના ગલ્લા સુધી બંધ રહેતા લોકો પણ ઘરેથી નિકળવાનું ટાળશે. અને કમ સે કમ એક દિવસ તો લોકો જાહેર સ્થળોએ એકબીજાના સંપર્કથી દૂર રહેતાં, કોરોનાનો ચેપ ફેલાવવાની શક્યતા ઓછી થવાની આશા દેશવ્યાપી સરકારી તંત્ર રાખી રહ્યું છે.

ગુજરાતની વાત કરીએ તો મહારાષ્ટ્ર અને અન્ય રાજયોમાં કોરોનાના કેસો નોંધાતા હતા ત્યારે ગુજરાત તેનાથી દૂર હતું. પરંતુ હવે ગુજરાત પણ તેની ચપેટમાં આવી ગયું છે અને ૧૩ પોઝીટીવ કેસો નોંધાતા સરકાર હરકતમાં આવી છે. સરકાર તરફથી આજે આરોગ્ય મંત્રી અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જાહેર કર્યુ હતું કે, ગુજરાતમાં કોરોનાના એકપછી એક કેસ બહાર આવી રહ્યાં છે. આજે અમદાવાદમાં ત્રણ અને વડોદરામાં એક નવો કેસ નોંધાતા રાજયમાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૭થી વધીને ૧૩ થઇ ગઇ છે. આમ અમદાવાદમાં ૬, વડોદરામાં ત્રણ, સુરતમાં ત્રણ, ગાંધીનગરમાં એક અને રાજકોટમાં એક કેસ અત્યારસુધી પોઝિટિવ નોંધાયા છે. નીતિન પટેલે પત્રકારોને માહિતી આપતા જણાવ્યું હતું કે કોરોના વાઇરસના ૧૩ જેટલા પોઝિટિવ કેસ નોંધાયા છે. તેમાં ૧૨ જેટલા વિદેશથી આવેલા ભારતીયો છે. જ્યારે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ લોકોને જાણ કરી કે આપણે અત્યારે ફેઝ ૨ અને ૩ની વચ્ચે છીએ. તેથી આ મહામારીને રોકવા માટે વધુમાં વધુ સાવચેતી રાખવાની છે. અને તેનો એક જ ઉપાય છે કે આપણે આપણી જાતે બીજાથી દૂર રાખીએ. નોંધનીય છે કે અત્યાર સુધી જેટલા પણ પોઝિટિવ કેસ નોંધાયા છે એ તમામ વિદેશથી આવેલા નાગરિકોમાં નોંધાયા છે.

તો સીએમ રૂપાણીએ જાહેર કર્યું હતું કે, અમદાવાદ, સુરત, રાજકોટ-વડોદરામાં કોરોના માટે આઇસોલેટ હોસ્પિટલ ઉભી કરાશે. તેમણે આજે સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. આ પ્રસંગે આરોગ્ય વિભાગના અધિકારીઓ પણ હાજર રહ્યા હતા. તો નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ વડોદરા પહોંચ્યા હતા અને એસએસજી હોસ્પિટલની મુલાકાત લીધી હતી.,ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ લોકોને અને ખાસ કરીને સ્માર્ટફોનનો ઉપયોગ કરનારાઓને ચેતવણી આપતાં કહ્યું હતું કે, સોશિયલ મીડિયામાં કોરોના અંગે કે કોઇ અન્ય વાંધાજનક મેસેજ કે લખાણ ફેલાવનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવશે દરમ્યાન, સરકારના જણાવ્યાં પ્રમાણે, અત્યારસુધીમાં એરપોર્ટ પર ૩૬૬૧૭ પ્રવાસીઓનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું છે. છેલ્લા ત્રણ દિવસમાં હોમ કોરોન્ટાઇન હેઠળ ૧૫૦૬ લોકોને રાખવામાં આવ્યાં છે.દેશમાં કોરોનાના ૧૧ પોઝિટિવ કેસની સંખ્યા વધીને ૨૦૦ ઉપર પહોંચી ગઇ છે. વડાપ્રધાન મોદીએ ૨૨ માર્ચે જનત કરફ્યું રાખવા અપીલ કરી છે. પરંતુ ગુજરાતમાં ૧૯ માર્ચે ૨ અને ૨૦ માર્ચે ૫ પોઝિટિવ કેસ સાથે પોઝિટિવ કેસનો આંકડો સાતથી વટાવી ગયો હતો.

જેને પગલે આજથી જ ગુજરાતમાં લોકડાઉનની સ્થિતિ જોવા મળી રહી છે. રાજ્યની બજારો સહિત ૮૦ ટકા જેટલી કામગીરી ઠપ થઈ ગઈ છે. તેની સાથે સાથે રસ્તાઓ પણ સુમસામ થઈ ગયા છે અને ભાગ્યે જ કોઈ વાહન જોવા મળી રહ્યાં છે.

રાજકોટમાં બે રેસ્ટોરાં સંચાલક, બે પાનના દુકાનદાર સામે ગુનો

રાજકોટ,તા.૨૧

રાજકોટમાં કેન્દ્ર તેમજ રાજ્ય સરકારની કોરોનાની ગાઇડલાઇનનો ભંગ કરવા બદલ બે રેસ્ટોરાં સંચાલક તેમજ બે પાનની દુકાનના માલિક સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરાઈ છે. પોલીસે બે રેસ્ટોરાં સંચાલક અને બે પાનના દુકાનદારની અટકાયત કરીને નિયમ મુજબ કાર્યવાહી કરી છે.

રાજકોટ શહેરમાં કોરોનાનો પ્રસાર અટકાવવા માટે શહેર પોલીસ કમિશનરે જાહેરનામુ બહાર પાડ્યું છે, જેમાં ઉઉઁ તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકારની કોરોનાની ગાઇડલાઇનનો પાલન કરવા નિર્દેશ કર્યો છે.

તેમજ તેનું ઉલ્લંઘન કરનારા સામે કડક કાયદાકીય પગલાંની ચીમકી પણ ઉચ્ચારી છે. ગાઇડલાઇન મુજબ જ્યાં લોકોની વધુ અવરજવર હોય એવા જાહેર તથા ખાનીગ સ્થળો તેમજ તમામ હોટેલ, રેસ્ટરાં, ખાણીપીણીના સ્થળો, મીઠાઈ-ફરસાણની દુકાનો, ભોજનાલય વગેરે સ્થળોએ કોરોનાનું સંક્રમણ અટકાવવા સ્વચ્છતા જાળવવી, હેન્ડ વોશ (સેનિટાઇઝર) રાખવા, તેમજ બે ટેબલ વચ્ચેનું અંતર એક મીટરથી વધુ રાખવું.

આ ગાઇડલાઇનનું ઉલ્લંઘન કરવા બદલ આકરી કાયદાકીય કાર્યવાહી કરવાના આદેશ પણ અપાયા છે. રાજકોટ એ ડિવિઝન પોલીસ સ્ટેશનનો સ્ટાફ આ બાબતે પેટ્રોલિંગમાં હતો, એ સમયે બંસીધર રેસ્ટોરાં તેમજ મમતા ડાઈનિંગ હોલમાં આ ગાઇડલાઇનનો સ્પષ્ટ ભંગ જોવા મળ્યો હતો.

આથી આ બંને રેસ્ટારાં સંચાલક ભાવેશ સુરેશભાઈ મહેતા (ઉ.૪૨) તેમજ વિજય મોહનભાઈ માંગણી (ઉ.૩૯)ની સામે ગાઇડલાઇન ભંગનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

આ ઉપરાંત ભક્તિનગરમાં આવળ ડિલક્સ પાનના માલિક રવિ જયમલ ચૌહાણ (ઉ.૨૨) તેમજ તેમજ સોરઠિયાવાડી સર્કલ પાસે આવેલા સુરેશ પાનની દુકાનના માલિક નરેન્દ્ર ડાયાભાઈ ગાંભવા (ઉ.૪૭) સામે ગુનો નોંધી અટક કરી, પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

સેનિટાઈઝરની ૨૦૦ એમએલની બોટલની કિંમત ૧૦૦થી વધુ નહીં હોય

કાળા બજાર પર રોક: સરકારે સેનિટાઈઝર,માસ્કના ભાવ નક્કી કર્યા



ન્યુ દિલ્હી,તા.૨૧

કોરોના વાઇરસને ફેલાતો અટકાવવા માટે સરકાર દેશભરમાં સજાગતા અભિયાન ચલાવી રહી છે, ત્યારે લોકો પણ આ રોગ સામે લડવા માટે સાવધાનીરૂપે બધાં ઘરના સભ્યો માટે માસ્ક અને સેનેટાઇઝરની ખરીદી કરી રહ્યા છે. પરંતુ બજારમાં માસ્ક અને સેનિટાઇઝરની કૃત્રિમ અછત ઊભી કરીને કેટલાય વેપારીઓ બજાર કિંમતથી ઘણી ઊંચી કિંમતે આ વસ્તુઓ વેચી રહ્યા છે. જેથી કેન્દ્ર સરકારે દેશમાં વેચાતા સેનિટાઇઝર અને માસ્કની છૂટક કિંમતો નક્કી કરી દીધી છે. કન્ઝ્યુમર બાબતોના પ્રધાન રામ વિલાસ પાસવાને ટવીટ કરીને આ માહિતી આપી હતી. વળી, તેમણે એ પણ કહ્યું હતું કે સરકારે જે કિંમતો નક્કી કરી છે એ ૩૦ જૂન, ૨૦૨૦ સુધી અમલમાં રહેશે.

દેશભરમાં કોરોના વાઇરસ પ્રસરતાં દેશમાં સેનિટાઇઝર અને માસ્કની માગમાં અચાનક ઉછાળો આવ્યો હતો.

જેથી કેટલાય વેપારીઓએ એનું બ્લેક માર્કેટિંગ શરૂ કર્યું છે અથવા તો એની ખૂબ ઊંચી કિંમત વસૂલી રહ્યા છે.

જે સેનિટાઇઝર પહેલાં રૂ. ૭૦થી રૂ. ૮૦માં વેચાતા હતા, એ હવે રૂ. ૨૫૦ની કિંમતે વેચાઈ રહ્યા છે. બજારમાં કેટલાંય નકલી ઉત્પાદનો પણ આવી ગયાં છે. આ જ રીતે રૂ. ૫૦માં વેચાતા માસ્કની કિંમત વધીને રૂ. ૨૦૦થી રૂ. ૩૦૦ સુધી પહોંચી ગઈ છે.

કેન્દ્રીય પ્રધાન રામ વિલાસ પાસવાને ત્રણ ટ્વીટ કર્યા હતા. જેમાં લખ્યું હતું કે કોરોના વાઇરસ #COVID૧૯ના પ્રસરવાથી બજારમાં વિભિન્ન ફેસ માસ્ક, એના ઉત્પાદનમાં લાગતી સામગ્રી અને હેન્ડ સેનિટાઇઝરની કિંમતોમાં ભારે વધારો જોવા મળ્યો છે. સરકારે એને ગંભીરતાથી લઈને એની કિંમતો નક્કી કરી દીધી છે.

હેન્ડ સેનિટાઇઝરની ૨૦૦ML બોટલની છૂટક કિંમત રૂ. ૧૦૦થી વધુ નહીં હોય. અન્ય આકારની બોટલોની કિંમત પણ આ જ રીતે રહેશે. વળી, આ કિંમતો ૩૦ જૂન, ૨૦૨૦ સુધી દેશઆખામાં લાગુ રહેશે.

કોરોનાની અસરે લોકડાઉનનો ડર, ચીજવસ્તુ ખરીદવા બજારો ઉભરાયા

ગાંધીનગર,તા.૨૧

આવનારા દિવસોમાં બંધની સ્થિતિ ઊભી થવાની દેહશતના પગલે લોકો પોતાની જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ લેવા દોડી ગયા હતા. જોકે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જીવન જરૂરિયાતની વસ્તુઓ માટે દોડાદોડી ન કરવાનું અને બિનજરૂરી વસ્તુનો સંગ્રહ ન કરવા અપીલ કરી હતી. છતાં લોકોએ જરૂરી વસ્તુઓનો સ્ટોક કરી લેવા માટે માર્કેટમાં ભીડ ઊભી કરી હતી. શુક્રવારે મોલથી લઈને સ્થાનિક માર્કેટમાં, શાકભાજી માર્કેટમાં તથા કરિયાણાની દુકાનમાં સામાન્ય દિવસો કરતા વધારે ભીડ જોવા મળી હતી. જ્યારે મોલમાં ખરીદી કરવા માટે લોકોએ લાઈન લગાવી હતી.

લોકોએ થોડું અનાજ, કરિયાણું, સુકા તૈયાર નાસ્તા, શાકભાજીમાં ડુંગળી, બટેટાની મોટા પ્રમાણમાં ખરીદી કરી હતી. બીજી તરફ કેટલાક લોકોએ થોડા દિવસો ચાલે એટલું દૂધ, દહીં અને છાશ જેવી ડેરી પ્રોડક્ટ ભેગી કરી લીધી છે. કોરોના વાયરને કારણે આવનારા દિવસોમાં શું થશે એવી અંધારા રૂપી અનિશ્ચિતતાને લીધે વસ્તુઓ લેવા માટે માર્કેટમાં ગયા હતા. રવિવારે મોટા ભાગના લોકો જનતા કર્ફ્યુને સમર્થન આપવાના છે. જ્યારે કેટલાક લોકો વર્ક ફ્રોમ હોમ કરવાના છે. વેપારીઓએ જણાવ્યું હતું કે, બે દિવસ સુધી ચાલે એટલું લોકોએ ભેગું કરી લીધું છે. શનિવારથી માર્કેટ આંશિક રીતે બંધ પાડશે એવો માહોલ છે. દરરોજ એક કે બે દૂધની થેલી લેનારાઓ પાંચથી છ થેલી લઈને જાય છે. સૌથી વધારે ખરીદી શાકભાજીની થઈ રહી છે.

ડુંગળી અને બટેટાનો સ્ટોક લાંબા સમય સુધી ચાલે એમ હોવાથી લોકો એક કે બે કિલો નહીં પણ ત્રણથી ચાર કિલો ડુંગળીની ખરીદી કરી રહ્યા છે. આ સાથે આદું, લીંબું, કોથમરી અને મરચાની વિપુલ ખરીદી થઈ છે. બે-ત્રણ દિવસના શાકભાજી ખરીદનારાઓ હવે આઠ દિવસ ચાલે એટલું શાકભાજી લઈ રહ્યા છે. લોકો ઘરમાં રહે એટલે નાસ્તાનો વપરાશ વધે છે. તેથી સુકા નાસ્તા અને ફરસાણની ખરીદી વધી હતી. લોકો ૨૦ દિવસ ચાલે એટલો નાસ્તો ખરીદી રહ્યા છે. મોલમાંથી પણ સુકો નાસ્તો સૌથી વધુ વેચાયો હતો.

ટી-૨૦ વર્લ્ડકપમાં સેમીફાઈનલ-ફાઈન માટે રિઝર્વ-ડે રાખવાનો પ્રસ્તાવ

મેલબર્ન,તા.૨૧

આ વર્ષે ઓસ્ટ્રેલિયામાં આઈસીસી ટી૨૦ ક્રિકેટ વર્લ્ડ કપ રમાવાનો છે.

ક્રિકેટ ઓસ્ટ્રેલિયા આઈસીસી ક્રિકેટ કમિટીની બેઠકમાં વર્લ્ડ કપની સેમીફાઈનલ અને ફાઈનલ મેચ માટે રિઝર્વ ડે રાખવાનો પ્રસ્તાવ લાવી શકે છે. આ મહને રમાયેલ આઈસીસી મહિલા ટી૨૦ વર્લ્ડ કપમાં સેમીફાઈનલ મેચમાં રિઝર્વ ડે ન હોવાને કારણે ઘણો વિવાદ થયો હતો.

તાઇવાન બેડમિંટન ટીમના સભ્યને કોરોના વાયરસનો ચેપ

મુંબઇ,તા.૨૧

સાઇના નેહવાલ સહિત ભારતીય બેડમિંટન ખેલાડીઓએ તાઈવાનની ટીમ સાથે પ્રેક્ટિસ કરી રહેલા જુનિયર ખેલાડીને કોરોનાવાયરસથી ચેપ લાગ્યો હોવાના અહેવાલ પર ચિંતા વ્યક્ત કરી છે. ગત સપ્તાહે બર્મિંગહામમાં આયોજિત ઓલ ઇંગ્લેન્ડ ચેમ્પિયનશિપમાં આ ખેલાડી હાજર હતો. આ ટૂર્નામેન્ટમાં સાઇના, પી.વી.સિંધુ, કિદામ્બી શ્રીકાંત સિવાય ભારતના ઘણા ટોચના ક્રમે આવેલા ખેલાડીઓએ ભાગ લીધો હતો. ડેનિશ ખેલાડી એચ.કે.વિટ્ટીંગે શુક્રવારે તાઇવાન મીડિયાના એક અહેવાલને શેર કર્યો, જેમાં ૧૦ વર્ષીય ખેલાડીને કોવિડ -૧૯ ચેપ લાગ્યો.

જબલપુરને બે દિવસ માટે લોકડાઉન કરાયું,મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૬૩ કેસ

ભારતમાં ફફડાટ: કોરોના વાયરસના કેસ વધીને ૨૯૪

રોમમાં ફસાયેલા વિદ્યાર્થીઓને લઇ આજે એર ઇન્ડિયાનું વિમાન પરત ફરશે

એર ઈન્ડિયાનું ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન ઈટાલીથી રોમમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓને કાઢવા માટે રોમ જશે. આ વિમાન કાલે સવારે દિલ્હી પરત ફરશે. ૨૨ માર્ચના રોજ જનતા કર્ફ્યુના સમર્થનમાં ગો એરે તેમની દરેક ફ્લાઈટ કેન્સલ કરી છે. ઈન્ડિગોએ તેમની ઉડાન ઘટાડવાની જાહેરાત કરી છે.

મોદીએ કોરોના વાઈરસ ફંડમાં મદદ માટે નેપાળ અને ભૂટાનના વખાણ કર્યા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોરોના વાઈરસ માટે બનાવવામાં આવેલા સાર્ક દેશોના ફંડમાં ૧૦ કરોડ નેપાળી રૂપિયાની મદદ આપવા માટે ત્યાંના વડાપ્રધાન કેપી શર્મા ઓલીના વખાણ કર્યા હતા. ભૂટાનના વડાપ્રધાન ડૉ. લોતે શેરિંગે પણ આ ફંડમાં એક લાખ ડોલરની મદદ કરી છે. મોદીએ તેમના આ પ્રયાસના વખાણ કર્યા છે.

ન્યુ દિલ્હી,તા.૨૧

કોરોના વાઈરસનું ઈન્ફેક્શન હવે દેશમાં ગંભીર થઈ રહ્યું છે. શુક્રવારે દેશમાં સૌથી વધારે ૫૦ કેસ પોઝિટિવ આવ્યા છે. અત્યાર સુધી દેશમાં કુલ પોઝિટિવ કેસનો આંકડો ૨૯૪એ પહોંચી ગયો છે. દેશમાં આજે જ ૪૨ નવા કેસ સામે આવ્યા છે. તેમાંથી ૧૧ નવા કેસ મહારાષ્ટ્રના છે. જબલપુરને પણ બે દિવસ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. કોરોનાથી ૪ લોકોના મોત થયા છે. ભારત સરકારની તરફથી લોકોને તેમના પ્રત્યે જાગૃત કરાઇ રહ્યા છે. ફેલાવતા રોકવા માટે કેટલાંય પગલાં ઉઠાવ્યા છે.

આંકડાની વાત કરીએ તો મહારાષ્ટ્રમાં ૬૩ કેસ, કેરળમાં ૩૩ જ્યારે દિલ્હીમાં ૨૫ કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. હાલ તો ઇન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના મતે ૨૭૬ કોરોનાના પોઝિટિવ કેસ સામે આવ્યા છે. મહારાષ્ટ્ર, કેરળ સહિતના રાજ્યોમાં કોરોનાએ હાહાકાર મચાવી દીધો છે.

આ દરમિયાન કર્ણાટકના ઉપમુખ્યમંત્રી સીએન અશ્વથ નારાયણે કહ્યું છે કે, રાજ્યમાં આઈટી કંપનીઓ તેમની ઓફિસ બંધ કરવા માટે તૈયાર છે. તેમણે કર્મચારીઓને ઘરેથી કામ કરવાની મંજૂરી આપી દીધી છે. મહારાષ્ટ્રમાં સૌથી વધુ ૫૯ કેસ સામે આવ્યા છે.

કોરોના સાથે જોડાયેલી કોઈ માહિતી લેવા કે આપવા માટે હેલ્પલાઈન નંબર +૯૧-૧૧-૨૩૯૭૮૦૪૬ પર ફોન કરી શકો છો. આ સિવાય દરેક રાજ્યોએ પણ પોતાના હેલ્પલાઈન નંબર જાહેર કર્યા છે.

તંત્રી, માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદિપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ, ૧૩, ગજાનન એસ્ટેટ, ઈદગાહ ચોકી પાસે, અમદાવાદ ખાતે છપાવીને ઘર નં. ૨૬૬૭, ગોઝારીયા પોળ, હલીમની ખડકી પાસે, શાહપુર-અમદાવાદ-૩૮૦ ૦૦૧ ખાતેથી પ્રસિદ્ધ કર્યું.
Owner, Printer, Publisher & Editor Shri Pradip Raval, Printed : Sarvoday Offset, 13, Gajanan Estate, Nr. Idgah Chowkey, Ahmedabad • Published : 2567, Gozaria Pole, Nr. Halim Khadki, Shahpur, Ahmedabad-380001